# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE
REACHING NATIONS

*India's National Spiritual Newspaper*

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

**Editor : S. SAM SELVA RAJ** | **16 Languages** | **Associate Editor : Bro. PANKAJ C. WADIA**

VOL: XXVI | YEAR OF OUR LORD JESUS CHRIST, 2024 MAY | NO: 03

**પવિત્ર બાઈબલ**
**કૃપા કરી આ ભાગ મોઢે કરો**
**પ્રભુની સ્તુતિ થાઓ!!**

ગીતશાસ્ત્ર ૭૫:૧-૯

૧. હે ઈશ્વર, અમે તારો આભાર માનીએ છીએ; આભાર માનીએ છીએ, કેમ કે તારું નામ સન્નિધ છે; લોકો તારાં આશ્ચર્યકારક કામો પ્રગટ કરે છે.

૨. પ્રસંગ આવશે ત્યારે હું તારો યથાર્થ ન્યાય કરીશ.

૩. પૃથ્વી તથા તેની સઘળી વસતિ ક્ષય પામે ત્યારે હું તેના સ્તંભો સ્થાપન કરીશ.

૪. મેં વડાઈ કરનારાઓને કહ્યું, વડાઈ કરશો મા; અને દુષ્ટોને કહ્યું કે, શિંગ ઉઠાવશો મા;

૫. તમારું શિંગ ઊંચું ન કરો; અક્કડ ગરદનથી ન બોલો,

૬. કેમ કે ઉદયથી કે અસ્તથી કે દક્ષિણથી પણ ઉન્નતિ આવતી નથી.

૭. પણ ઈશ્વર છે, તે જ ન્યાયાધીશ છે; તે એકને નીચે પાડી નાખે છે, અને બીજાને ઊંચા કરે છે.

૮. કેમ કે યહોવાના હાથમાં પ્યાલો છે, તેમાંના દ્રાક્ષારસ રાતો છે; તે તેજાનાની મેળવણીથી ભરેલા છે, તેમાંથી તે પીરસે છે; પૃથ્વીના દુષ્ટો ખરેખર તળિયે પડી રહેલો કૂચો ચૂસી જશે.

૯. પણ હું તો હમેશ આનંદ કરીશ, હું યાકૂબના દેવનાં સ્તોત્રો ગાઈશ.

# આપણા પ્રભુનું માતા જેવું હૃદય!

## OUR LORD'S MOTHERLY HEART!



**જેમ કોઈ માણસને તેની મા દિલાસો આપે છે, તે પ્રમાણે હું તમને દિલાસો આપીશ. યશાયા ૬૬:૧૩.**

*માનદ મુખ્ય સંપાદક – રેવ. એન્જલાઈન સેલ્વાકુમારી*



આપણા પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્ત, જેઓ આપણને સ્વર્ગીય આશીર્વાદોથી આશીર્વાદિત કરે છે, તેમના મૂલ્યવાન નામમાં શુભેચ્છાઓ પાઠવું છું. આ મહિનો ખાસ મહત્વ ધરાવે છે, જ્યારે ઈકો ઓફ હીજ કોલ માતૃદિન નિમિત્તે દુનિયાભરની માતાઓને તેમની હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવે છે. જ્યારે આવા પ્રસંગો ઘણાઓને આનંદ આપે છે, તે કદાચ કેટલાક લોકોની અંદર દુઃખની લાગણીઓને જગાવે છે. આ સંદેશાને રદ્દ કરતા, એમ વિચારીને કે, ''હું માતા નથી, તો શા માટે મારે આ વાંચવું જોઈએ'', ત્યારે પહેલા આ વાતનો વિચાર કરજો. માતૃદિન એ દરેક જણ માટે ઉજવણી છે જે માતૃત્વની ભાવનાને મૂર્તિમંત સ્વરૂપ આપે છે, ભલે તમે પિતા, ભાઈ, કાકા, બહેન, કે કાકી હો, જે કોઈ ભૂમિકા તમે નીભાવી હોય, અને માતા તરીકેની જવાબદારીઓ, આજે તે તમારો દિવસ છે યાદ કરવાનો અને તમારા બલિદાન યુક્ત પ્રેમમાં આનંદ કરવાનો છે.

### ઈશ્વરનો માતૃપ્રેમ!

બિનશરતી સમર્પિત પ્રેમ વિશે વિચારતા, મને ઈસુ ખ્રિસ્તના પ્રેમ પર પ્રતિબિંબ કરવા તરફ

(અનુસંધાન પાન ૩ પર)



**ઈકો ઓફ હીજ કોલ**

**ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !**

**પાળક એસ. સામ સેલ્વરાજ સાથે**

**પ્રાર્થના કરવાની એક તક!**

**પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!**

**અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ**

દરરોજ - સવારે ૨.૦૦ વાગે થી

**તમિલ રવિવારની ભજનસેવા – સવારે ૮.૩૦ વાગે**

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

## from your dearly beloved brother...

REACHING NATIONS





**પણ યહોવા ન્યાયીઓનું તારણ કરે છે;**
**સંકટની વેળાએ તે તેઓનો કિલ્લો છે.**
**ગીતશાસ્ત્ર ૩૭:૩૯**

### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.


**HON. EDITOR-IN-CHIEF**
Rev. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.

**HON. MANAGING EDITOR**
Pastor Alex Samson Sam, B.Th., M.Div.

**GENERAL MANAGER**
Bro. N. Prakasam, M.A., M.Sc.(C&P), PGDHRM, MBA.

**ADMINISTRATION**
Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)

**EDITORIAL BOARD**
Dr. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Sis. L. Mariya Anjalin, M.A., M.Sc., B.Ed.
Rev. Dr. K.R. Rajasekaran



**EDITOR, PUBLISHER & PRINTER**
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858
95661 31858

**E.MAIL**
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

**WEBSITES**
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

**YOUTUBE CHANNEL**
Echo of His Call


ખ્રિસ્તમાં પ્રિય વહાલાઓ,

**આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના દેવ તથા બાપને ધન્યવાદ હો. (૧ પિતરનો પત્ર ૧:૩)**

અમે તમારી અતૂટ પ્રાર્થનાઓ અને અડગ સમર્થન માટે અમારા હૃદયથી તમારો આભાર વ્યક્ત કરીએ છીએ. ઈશ્વર તમારી ઉદારતાને માટે અને તેમના પ્રત્યેની તમારી સમર્પિતતા માટે તમને સમૃદ્ધતાથી આશીર્વાદ આપો.

બાળકો માટેની વેકેશન બાઈબલ સ્કૂલ એપ્રિલ મહિનાના ત્રીજા અઠવાડિયામાં ભરાવવામાં આવી હતી, જે ઘણી સફળ રહી હતી, જ્યાં ઈશ્વરના ભરપૂરીપણાના આશીર્વાદો સ્પષ્ટ રીતે સાથે હતા. ચેન્નઈની અલગ અલગ વસ્તીઓમાંથી સેંકડો બાળકો આવ્યા હતા, જેમાં ચેપોક, વેલાચેરી, બાલાજી નગર અને સંથોષપૂરમ હતા. તે બાળકો શિક્ષણોના ઝીણવટભર્યા આયોજિત અભ્યાસક્રમ દ્વારા પવિત્રશાસ્ત્રોના ઉપદેશોથી સમૃદ્ધ થયા હતા.

અમે તેમની વ્યવસ્થાને માટે ઈશ્વરની સ્તુતિ કરીએ છીએ અને આ સેવાકાર્યમાં અથાક યોગદાન આપનારા ઈશ્વરના સર્વ સમર્પિત સેવકો પ્રત્યે અમારી ઊંડી પ્રશંસા વ્યક્ત કરીએ છીએ.

અમે પાળક સામ સેલ્વરાજની આત્મકથાને પૂર્ણ કરીને પ્રકાશિત કરવાના અંતિમ તબક્કામાં છીએ. અમે તમને તમારી સાક્ષીઓ આપવા માટે વિનંતી કરીએ છીએ જે થોડીક દસ લીટીઓની હોય, જેમાં તમે વિગતવાર જણાવી શકો છો કે કેવી રીતે આ મિનિસ્ટ્રી મારફતે ઈશ્વરે તમારી



*પાળક સામ સેલ્વરાજની આત્મકથાની ટીમ*

આત્મિક વૃદ્ધિ પર અસર કરી છે. વધુમાં, જો તમે તમારો ફોટો આ આત્મકથામાં છપાવવા મોકલી શકો તો, અમે તેની કદર કરીશું.

જ્યારે આપણે આગળના મહિનાની શરૂઆત કરી રહ્યા છીએ, ત્યારે આપણને ઝડપી કાર્યવાહી કરવા માટે કહેવામાં આવે છે. તે અનિવાર્ય છે કે અમે અમારા બાઈબલ કોલેજોમાં ૫૦ પદવીધરોને ટેકો આપી રહ્યા છીએ જ્યારે તેઓ તેમનો અભ્યાસ પૂર્ણ કરવા જઈ રહ્યા છે. આ સમર્પિત વ્યક્તિઓ દુરસ્થ અને પડકારભર્યા પ્રદેશોમાં તેમની સેવાઓના સાહસમાં થોડા સમયમાં જ જશે. પદવીદાન સમારોહ તેમની આત્મિક મુસાફરીમાં એક મહત્વના સીમાચિહ્ન રૂપ રીતે પાર કરતા તારીખ ૧લી જૂન, ૨૦૨૪ના રોજ યોજનાર છે. દરમિયાનમાં, **નહેમ્યા બાઈબલ કોલેજ**ના વિદ્યાર્થીઓ માટેના વર્ગો તારીખ ૩જી જૂન, ૨૦૨૪થી શરૂ થવા જઈ રહ્યા છે.

અમારી **નહેમ્યા બાઈબલ કોલેજ** માટે હિન્દી વાંચતા અને લખતાં નિપૂણ વિદ્યાર્થીઓની ઓળખ માટે અમે નમ્રતાપૂર્વક તમારી પ્રાર્થના માટે વિનંતી કરીએ છીએ. વધુમાં, અમે આ સેવાકાર્યમાં હાથ ધરાયેલા તમામ પ્રયાસો માટે ઈશ્વરની દોરવણી અને પૂરુ પાડવાની વ્યવસ્થા માટે વિનંતી કરીએ છીએ.

આપણી ગ્રામ્ય ઉચ્ચ માધ્યમિક શાળા અને **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ** માટેની વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી, બન્નેની ભરતીમાં ઈશ્વરની મધ્યસ્થીને માટે આવો આપણે પ્રાર્થનામાં એકરૂપ થઈએ.

અસંખ્ય પડકારો, અવરોધો અને દબાણયુક્ત જરૂરિયાતો વચ્ચે, પ્રાર્થના પરની આપણી નિર્ભરતા પહેલા કરતા વધુ નિર્ણાયક બની છે. અમે અમારી મિનિસ્ટ્રી વતી તમારી સતત મધ્યસ્થીને માટે વિનંતી કરીએ છીએ, એ જાણીને કે તે ફક્ત ઈશ્વરની કૃપા અને દયા દ્વારા જ છે કે અમે દરેક અવરોધને દૂર કરી શકીએ છીએ.

જ્યારે અમે અમારી પ્રાર્થનાઓમાં તમને ધરી રાખીએ છીએ, ત્યારે આપણા પ્રભુની અસીમ કૃપા તમારા પર પુષ્કળ પ્રમાણમાં રેડવામાં આવે. આમીન.!

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**

**પાળક એલેક્ષ સેમસન સામ**
**પાળક એસ. સામ સેલ્વ રાજ**

(+91) 98412 71858 / 98410 71858,
E.mail : sam@echoofhiscall.org

## કૃપા કરીને ધ્યાન આપો : ઈકો ઓફ હીજ કોલના વાચકોને

અમારા પાંચ મિનિટના ઈકો ઓફ હીજ કોલ યૂટ્યૂબ સંદેશાઓ સવારે ૨.૦૦ વાગેથી તામિલ, તેલગુ, અંગ્રેજી અને હિન્દીમાં (દરરોજ) પ્રસારીત કરવામાં આવે છે. તમે આ સંદેશાઓ સાંભળીને ઈશ્વરની કૃપા મેળવી શકો છો.

વધુમાં તમે મારા મોબાઈલ નંબરો (+૯૧)૯૮૪૧૦૭૧૮૫૮, +૯૧(૯૮૪૧૨૭૧૮૫૮) તમારા મોબાઈલમાં સેવ કરી રાખશો.

**પાળક એસ. સામ સેલ્વરાજ**

(પાન ૧થી આગળ...)

દોરી ગયું હતું, જેમણે આપણા તારણ માટે સ્વેચ્છાએ વધસ્તંભ પર તેમનો પ્રાણ આપી દીધો હતો. તેમના પ્રાણનું અર્પણ કરતું, તેમનું નિસ્વાર્થ કાર્ય, જેથી આપણે જીવન જીવી શકીએ, તે અસાધારણ પ્રેમનું ઉદાહરણ દર્શાવે છે. જ્યારે આપણે ઘણીવાર ઈશ્વરના પ્રેમને પિતૃપ્રેમની દ્રષ્ટિએ માર્ગદર્શક, રક્ષણ કરનાર અને શિસ્તબધ્ધ રીતે જોતા હોઈએ છીએ, ત્યારે શાસ્ત્રો પણ અસંખ્ય ઉદાહરણોમાં ઈશ્વરના માતૃપ્રેમની લાક્ષણિકતાઓનું ચિત્રણ કરે છે.

યશાયા ૬૬:૧૩ દિલાસો આપનાર માતા તરીકે ઈશ્વરનું નિરૂપણ કરે છે અને માથ્થી ૨૭:૩૭ ઈશ્વરના પ્રેમની તુલના



માતાના બલિદાનયુક્ત અને બિનશરતી પ્રેમ સાથે કરે છે.

એક તરફ, આપણે ઈશ્વરનો એક શિસ્તબધ્ધ, આપણને સુધારનાર અને શીખવનાર તરીકે સામનો કરીએ છીએ, તો બીજી તરફ, આપણે તેમને એક ઉછેર કરનાર માતા તરીકે જોઈએ છીએ, જેમનો પ્રેમ બિનશરતી છે, જે આપણી ખામીઓને આવરી લે છે અને આપણો ન્યાયચુકાદો કર્યા વગર આપણું પોષણ કરે છે.

આ ખાસ પ્રસંગે, હું પ્રાર્થના કરું છું કે ઈશ્વર આપણને તેમના માતૃત્વના આલિંગનમાં આવરી લેશે, નિરંતર સમર્થન અને સંગત પૂરી પાડશે, ખાસ કરીને તમારી એકલતામાં. આવો તેમની હાજરી તમને ફરી ખાતરી પૂરી પાડો, તેમના બિનશરતી પ્રેમથી તમને તમારા માર્ગના દરેક પગલાંમાં દિલાસો પૂરું પાડો.

## બાઈબલમાંની માતાઓ!

ઈશ્વરના માતૃત્વના લક્ષણોનું ચિંતન કરતા મારા વિચારો બાઈબલમાંની કેટલીક માતાઓ તરફ આકર્ષિત થયા હતા, જેણીઓએ પડકારજનક સંજોગોમાં તેમના પરિવારોને ઉછેરવામાં અસાધારણ મનોબળ દર્શાવ્યું હતું. તેઓમાં એક વ્યક્તિત્વ આગવી રીતે ઊભરી આવે છેઃ હાગાર.

### ૧. હાગાર કોણ હતી?

ઘણા બધા તેણીની વાર્તા સાથે જાણીતા હશો, પણ જેઓ જાણતા નથી, તેમને માટે, તેની મને ઓળખાણ આપવા દો. હાગાર, તજી દેવાયેલી અથવા નાસી જનારીનો સંકેત આપતું નામ અસ્પષ્ટતાના જીવનનું પ્રતીક, ઓળખાણથી વંચિત અને ઘણીવાર ઉપહાસને આધીન હતી. મૂળભૂત રીતે તેણી મિસરમાંની એક ગુલામ, દાસી હતી. તેણી ઈબ્રાહિમ અને સારાહ, જેઓને સંતાન ન હતું, તેમના કુટુંબમાં દાસી તરીકે કામ કરતી હતી.

અચાનક, સારાહ, અનપેક્ષિત રીતે, તેણીનું ઈબ્રાહિમ સાથે લગ્ન કરાવે છે, એ આશામાં કે તેણી ગર્ભવતી થાય. પલકવારમાં હાગારનો દરજ્જો એક નીચલી કક્ષાની દાસીમાંથી કુટુંબમાંની બીજા ક્રમની મહત્વની સ્ત્રીમાં પરિવર્તિત થઈ ગયો

### કૃપા કરીને પ્રાર્થના કરશો!

૨૦૨૪ના એપ્રિલ અને મે મહિનાઓ દરમિયાન અમારી મિનિસ્ટ્રી દ્વારા સમગ્ર ભારતમાં ઉનાળાના વેકેશનમાં બાઈબલ શાળાનું સંચાલન કરવામાં આવશે. અમને તમારી પ્રાર્થનાની જરૂર છે.

**– સંપાદક**

હતો. આગળ જતાં, તેણી ગર્ભવતી થઈ અને દીકરાને જન્મ આપ્યો, ઈશ્માએલને. વધુમાં, તેણીના દરજ્જાને ઉંચે લાવતા, નિઃશંકપણે, હાગાર તેણીના નવા મળેલા મહત્વમાં, તેણીના આચરણ અને ક્રિયાપ્રતિક્રિયામાં સ્પષ્ટપણે, ખાસ કરીને, ઈબ્રાહિમની મુખ્ય સ્ત્રી, સારાહ પ્રત્યે, આનંદ લેતી હશે. ઈબ્રાહીમ, પણ સંભવતઃ તેના વારસાને આગળ ધપાવવા માટે વારસદારની સંભાવનાથી આનંદિત થયો હતો, પણ તે જાણતો નહોતો કે ઈશ્વરે તેના વારસા માટે અલગ યોજનાઓને આકાર આપવા જઈ રહ્યા છે. જો કે, હાગારનું વર્તન, સારાહ પ્રત્યે નિષ્ઠા સાથે હતું, પણ તેમના સંબંધોમાં તિરાડ પડી હતી. સારાહનો રોષ વધી ગયો હતો, જે હાગાર સાથેના ખરાબ વ્યવહારમાં પરિણમ્યું હતું. આખરે, ઈશ્વરના વચન પ્રમાણે સારાહે દીકરાને જન્મ આપ્યો, ત્યારે તેણી તેણીનાં પોતાના દીકરા ઈસહાકની કે હાગારના દીકરા સાથે સહવારસ થવાની કલ્પના પર પાછી આવી હતી.

પરિણામસ્વરૂપે, સારાહે ઈબ્રાહિમને ફરજ પડાવી કે તે હાગાર તથા તેણીના દીકરાને દૂર દેશનિકાલ કરે. આમ, હાગારે પોતાની જાતને અરણ્યમાં જોઈ, જ્યાં તેણીના પતિએ તેણીને તજી દીધી હતી, તેણીના નામનો પડઘો પાડતા. બાઈબલના વર્ણનોમાં માતાઓ દ્વારા સામનો કરવામાં આવતી કસોટીઓ માટે એક કરુણ નિવેદન. સાથે એકલી અને તજાયેલી, તેણી તેણીના દીકરા ઈશ્માએલ સાથે ભટકતી રહી.

## ૨. નાખૂશ સહભાગી - હાગાર!

કોઈએ હાગારને ઈબ્રાહિમ સાથેના તેણીના લગ્ન કરવા માટે સલાહ આપી નહોતી, કોઈએ પણ તેણી તેનાથી દૂર જવા રાજી હતી કે નહિ તે વિશે પૂછપરછ કરી નહોતી. તેણીના સમગ્ર જીવન દરમિયાન, તેણીની પસંદગીઓ બીજાઓ દ્વારા નક્કી થઈ હતી, તેણીને એક નાખૂશ સહભાગી બનાવતા.

આપણામાં કેટલા આવા નાખૂશ સહભાગી તરીકેની લાગણી સાથે સહાનુભૂતિ રાખી શકે? હાગારની સ્વાયત્તતાનો અભાવ સ્પષ્ટપણે દેખાઈ આવે છે - તેણીનો પોતાનો કોઈ અવાજ નહોતો. પુરુષ હોય કે સ્ત્રી, વ્યક્તિ શોક વ્યક્ત કરી શકે કે, ''મારા જીવનમાં બધા નિર્ણયો બીજા કોઈ દ્વારા લેવામાં આવ્યા હતા; કોઈએ મારી ઈચ્છા જાણી નહિ, કોઈએ મારી ઈચ્છા કે અભિલાષાઓ વિશે વિચાર કર્યો નહિ. હવે હું મારી જાતને બીજાઓ દ્વારા ઘડાયેલા જીવનમાં જીવતી જોઈ શકું છું.''

વહાલા મિત્રો, બાઈબલ આપણને ખાતરી આપે છે કે, જો આપણે આપણો ભરોસો ઈશ્વરમાં મૂકીએ, તો ''સઘળી બાબતો સારા માટે કામ કરે છે.'' જો કે હાલમાં તે અસ્પષ્ટ લાગે છે, પણ ઈશ્વરની પરવાનગી વિના કંઈ થતું નથી. તેઓ આપણા લાભ માટે ભયાનક સંજોગોમાં પણ પરિવર્તન લાવવાનું સામર્થ્ય ધરાવે છે. આવા આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની સર્વશક્તિમાન, અનંતશક્તિ છે. જો કે આપણે સમજી શકતા નથી, હાગારની જેમ, ઈશ્વરે આપણા માટે શું નિર્ધારિત કર્યું છે, તો પણ જો આપણે તેમને પોતાની જાતને સોંપી દઈએ તો તેઓ આપણી તરફેણમાં એકત્રિત કરવા માટે બધું ગોઠવે છે. જેમ ગીતશાસ્ત્ર ૩૧:૧૮ જણાવે છે, આપણું ભવિષ્ય તેમના હાથોમાં સ્થિર છે.

તેથી, જો તમે તમારી જાતને હાગાર જેવા રણમાંથી પસાર થતા, આગળ શું છે તેની અનિશ્ચિતતા ધરાવતા હો, અથવા કદાચ ભવિષ્યની કલ્પના કરવામાં અસમર્થ હોવ તો સાંત્વના લો. યાદ રાખો, ભગવાન નિયંત્રણમાં રહે છે; તે તમારા માર્ગોનું માર્ગદર્શન કરે છે. ફક્ત તેનો હાથ પકડો અને હાગારના ઉદાહરણને પ્રતિબિંબિત



*હાગાર તેણીના દીકરા સાથે અરણ્યમાં*

(આગળ પાન ૬ પર...)

**નહેમ્યા બાઈબલ**
**સાંધ્ય/નિવાસી કોલેજ, ચૈનાઈ**
**વેલાચેરી / ચેપોક તથા સંથોષપૂરમ, ચૈનાઈ**
**માધ્યમ : हिंदी / तमिल**
સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર
એશિયા થીઓલોજીકલ એશોસિએશન (ATA)
આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો
દ્વારા છેલ્લા ૫૪ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.
**ઈશ્વરવિદ્યામાં સર્ટીફિકેટ**
**ઈશ્વરવિદ્યામાં ડિપ્લોમા**
શૈક્ષણિક પાત્રતા :
૧૦મું ધોરણ અને વધુ
પ્રવેશ લેવા ઝડપ કરો!
મહેરબાની કરીને સંપર્ક કરો
અધ્યક્ષ : નહેમ્યા બાઈબલ કોલેજો
૧૦, મહોમદ અબદુલ્લા બીજી ગલી, ક્રિકેટ સ્ટેડીયમની સામે, ચેપોક, ચેનાઈ-૬૦૦૦૦૫, ભારત
ફોન. : (+૯૧-૦૪૪) ૨૮૫૨ ૮૨૮૨, મો.: ૯૮૪૧૦ ૭૧૮૫૨, ૯૫૬૬૧ ૩૧૮૫૮
E-mail: sam@echoofhiscall.org Websites : www.echoofhiscall.org
★ ઓનલાઈન ક્લાસ ઉપલબ્ધ છે ★

GREAT COMMISSION PARTNERS

ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વંહેચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (રતિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ મે ૨૦૨૪ થી ૧૮ જૂન ૨૦૨૪ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)



## ✝ સ્તુતિનાં મુદ્દાઓ

**મે ૧૯** : આપણા **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ, નહેમ્યા બાઈબલ કોલેજ** અને **બાઈબલના પત્રવ્યવહાર અભ્યાસક્રમો**ની જરૂરીયાતમંદ લોકો માટેની સમર્પિત સેવા માટે.

**મે ૨૦** : આપણા અનુવાદકો, સહયોગી સંપાદકો, સંયોજકો અને તેમના પરિવારો પરના આશીર્વાદોને માટે.

**મે ૨૧** : આપણા વડીલ પાળકને અને તેમના કુટુંબને દરેક દુષ્ટ પરિબળોથી સુરક્ષિત રાખવા માટે.

**મે ૨૨** : આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબો પરની તેમની દયાને માટે.

**મે ૨૩** : આપણા **બાઈબલકોર** અને **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો**ની વૃદ્ધિને માટે.

**મે ૨૪** : અમારી સર્વ મિનિસ્ટ્રીની જરૂરિયાતો માટેની ચમત્કારિક જોગવાઈને આભારીપણે સ્વીકારીએ છીએ તે માટે.

**મે ૨૫** : આપણા મુખ્ય ચર્ચમાંના તથા શાખા ચર્ચોમાંના સર્વ સભ્યો પરના વધુ આશીર્વાદોને માટે.

**મે ૨૬** : અંધાધૂંધી અને યુદ્ધના ભય વચ્ચે સર્વ દેશોને માટે દૈવી સુરક્ષાને શોધવા માટે.

**મે ૨૭** : રાજકીય અને ધાર્મિક વિરોધ હોવા છતાં, આપણી ખ્રિસ્તી મિનિસ્ટ્રીજો સારી રીતે આગળ વધી રહી છે.

**મે ૨૮** : સમાજના તમામ ક્ષેત્રોમાં મહિલાઓના સશક્તિકરણની હિમાયત કરવા માટે.

**મે ૨૯** : આપણા **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ**ને વધુ સમર્પિત ખ્રિસ્તી શિક્ષકો અને આચાર્ય સાથે આશીર્વાદિત કરવા માટે.

**મે ૩૦** : આપણા મુખ્ય ચર્ચમાંના તથા શાખા ચર્ચોમાંના આપણા પાળકો વરિષ્ઠ આગેવાનોને આશીર્વાદિત કરવા માટે.

**મે ૩૧** : ઈકો ઓફ હિજ કોલ મિનિસ્ટ્રીજના કર્મચારીવર્ગો અને તેમના પરિવારોના રક્ષણ કરવા માટે.

**જૂન ૦૧** : અમારી નિવાસી અને સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલેજ**ને માટે નવા વિદ્યાર્થીઓ પૂરા પાડવા માટે.

**જૂન ૦૨** : આપણા **સુવાર્તા છાપખાના** માટે અને તેના કાર્યક્ષમ કાર્યકરોના સમર્પણને માટે.

**જૂન ૦૩** : આપણા પાંચ-મિનિટના યૂટ્યુબ સંદેશાઓ માટે વધતા લવાજમધારકોને અને સાક્ષીઓથી આનંદ થાય છે તે માટે.

## ✝ પ્રાર્થનાનાં મુદ્દાઓ

**જૂન ૦૪** : યુવાનોને હિંસા અને હત્યાના દુષ્ટ આત્માઓથી છૂટકારા માટે અને તેઓ પવિત્ર આત્માથી ભરપૂર થાય તે માટે.

**જૂન ૦૫** : બધા પરિવારોમાં શાંતિ સ્થપાય તે માટે.

**જૂન ૦૬** : વિશ્વભરમાં ખ્રિસ્તી શૈક્ષણિક સંસ્થાઓની સારી પ્રતિષ્ઠા જળવાઈ રહે તે માટે.

**જૂન ૦૭** : ખ્રિસ્તીઓ ઈશ્વરના વચનને મૂર્તિમંત કરે તે માટે અને ખ્રિસ્ત જેવા સ્વભાવને વિકસાવવા માટે.

**જૂન ૦૮** : આપણી મિનિસ્ટ્રીના વિસ્તરણ માટે અને સુવાર્તાના વૈશ્વિક ફેલાવા માટે.

**જૂન ૦૯** : આપણા વડીલ પાળકની આત્મકથાની સફળતા માટે.

**જૂન ૧૦** : તમામ ચર્ચોમાં દુરાચારી દળો સામે દૈવી રક્ષણની વિનંતી કરવા માટે.

**જૂન ૧૧** : સર્વ દેશોમાં શાંતિ માટે અને આર્થિક વિકાસ માટે.

**જૂન ૧૨** : અમને વણખેડાયેલા વિસ્તારોમાં સુવાર્તા વહેંચવા માટે સામર્થ્યવાન કરવા માટે.

**જૂન ૧૩** : વિવિધ પાસાઓ અને પરિમાણોમાં આપણી મિનિસ્ટ્રીજોના વિસ્તરણ માટે.

**જૂન ૧૪** : તમામ ખ્રિસ્તી સંગઠનો પર આશીર્વાદ આવે અને તેમના રક્ષણને માટે.

**જૂન ૧૫** : શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે અમારી નિવાસી અને સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલેજ**માં લાયક વિદ્યાર્થીઓના પ્રવેશ માટે.

**જૂન ૧૬** : શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે અમારી **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલ**માં નવા વિદ્યાર્થીઓના પ્રવેશ માટે.

**જૂન ૧૭** : આપણા સમર્થકો, શુભેચ્છકો અને મિત્રો કે જેઓ પ્રાર્થના અને નાણાકીય યોગદાન દ્વારા આપણી મિનિસ્ટ્રીજોને ટકાવી રાખે છે.

**જૂન ૧૮** : આપણને પૃથ્વી પરના તેમના રાજ્યની પ્રગતિને આગળ વધારવા માટે અસંખ્ય દર્શનો આપવામાં આવે તે માટે.

(પાન ૪ પરથી આગળ...)

કરીને, તેમની ઈચ્છાને સમર્પિત કરો

બાઈબલ ઉત્પત્તિ ૨૧:૧૪માં વર્ણવે છે, **અને ઈબ્રાહીમે મોટી સવારે ઊઠીને રોટલી તથા એક છાગળ પાણી લીધું, ને હાગારને આપી તેની ખાંધે મૂક્યું , ને છોકરો પણ તેને સોંપ્યો, ને તેને વિદાય કરી; અને તે નીકળીને બેર-શેબાના અરણ્યમાં ભટકતી ફરી.''** (ઉત્પત્તિ ૨૧:૧૪). ઈબ્રાહીમ કે જે એક ધનવાન માણસ હતો, તે આશ્ચર્યજનક રીતે તેણીને માટે માત્ર થોડોક ખોરાક અને પાણીની એક મશકની વ્યવસ્થા કરે છે. કોઈ તેની પાસેથી વધુ ઉદારતાપૂર્વક વ્યવસ્થા પૂરી પાડવાની અપેક્ષા રાખી શકે - કદાચ હાગાર સાથે નોકર અને પૂરતી ખાધસામગ્રીઓ મોકલવાની. જો કે, તેણે તેમ કર્યું નહોતું. કદાચ ઈબ્રાહિમનો ઈરાદો હાગાર માટે ઈશ્વરને તેણીના પ્રદાતા અને આશ્રય તરીકે અનુભવ કરાવવાનો હતો, જોકે તેના હેતુઓ અસ્પષ્ટ રહે છે.

હાગારે, તજી દેવાયેલી અને એકલી, તેણીના દીકરાને અરણ્યમાં એકલી માતા તરીકે ઉછેરવાના મુશ્કેલ કાર્યનો સામનો કરવો પડ્યો હતો. કોઈ પણ આર્થિક સહાય કે આધાર રાખવા માટે કોઈ કુટુંબ વગર, તેણીએ અપાર મુશ્કેલીઓ સહન કરી હતી. બાઈબલ કહે છે - કેમ કે તારો કર્તા તારો ભરથાર છે; તેનું નામ સૈન્યોનો દેવ યહોવા છે; તારો ઉદ્ધાર કરનાર ઈસ્રાએલનો પવિત્ર દેવ છે. (યશાયા ૫૪:૫). બાઈબલ આવી સ્ત્રીઓને ખાતરી આપે છે કે ઈશ્વર તેમના પતિ અને પૂરુ પાડનારા છે, જેઓ આશ્વાસન અને પ્રોત્સાહન આપે છે.



*હાગાર તેણીના દીકરા માટે રડે છે*

## ૩. હાગાર તથા તેણીનો દીકરો!

હાગાર અને તેણીના દીકરા, બંને માટે અગ્નિપરીક્ષા નિઃશંકપણે થકવી નાખનારી હતી, જે દીકરાને મૃત્યુના મુખમાં ધકેલાવામાં પરિણમી હતી. તેણીના બાળકના નિકટ આવનાર મૃત્યુને જોવું એ હાગાર માટે હૃદયભંગિત કરનારું રહ્યું હશે. ઉત્પત્તિ ૨૧:૧૬માં, ત્યાં લખ્યું છે, **છોકરાનું મરણ હું ન જોઉં.**

તેણી રડતી હતી, તેણીના દીકરાને જીવંત રાખવા માટે જીવ પર આવી ગઈ હતી, છતાં આખરે તેણી શક્તિહીન હતી. તમારી પ્રિય વસ્તુને દૂર સરકી જતા જોવાની વેદનાની કલ્પના કરો. તેણીની સૌથી અંધકારમય ક્ષણમાં, હાગાર યહોવા પ્રભુની તરફ ફરી હતી, મદદ અને આશ્વાસન માટે પોકાર કરતા.

માતાની સુંદર લાક્ષણિકતાઓનું ચિંતન કરતાં, આપણે જોઈએ છીએ કે કેવી રીતે ઈશ્વર માતાઓને તેમના બાળકો માટે આશીર્વાદના વાહક તરીકે નિયુક્ત કરે છે.

## એક માતાની તેણીના દીકરા માટે ઈશ્વરને આગ્રહભરી વિનંતી!

### (અ) જ્યારે માતા રડતી હતી, ત્યારે ઈશ્વરનું તેણીના દીકરાની ગંભીર જરૂરિયાત પ્રત્યે ધ્યાન ગયું હતું!

કલમ ૧૭માં, આપણે જોઈએ છીએ કે, જ્યારે તેમનો પાણીનો પુરવઠો પૂરો થઈ ગયો, ત્યારે હાગાર અને તેના દીકરા, તેમની બંનેની શક્તિ ખૂંટી ગઈ હતી, નિરાશામાં ડૂબી ગયા હતા. હાગાર, વ્યથાથી ભરાઈ ગયેલી, તેણીના દીકરાના મૃત્યુની સાક્ષી બનવાનું સહન કરી શકી નહિ. તેઓ અરણ્યમાં ધ્યેયવિહીન, દિશા વિના અથવા ભવિષ્યની આશા વિના ભટકતા ફરતા હતા. જ્યારે તેમની જોગવાઈઓ ઓછી થઈ ગઈ ત્યારે, તેણીના દીકરાના મૃત્યુનો ભય અસહ્ય બની ગયો હતો.

**અને તે એક તીરવા જેટલે અંતરે દૂર જઈને બેઠી; કેમ કે તેણીએ કહ્યું, ''છોકરાનું મરણ હું ન જોઉં'' અને તે તેની સામે બેઠી, ને પોક મૂકીને રડી.** (ઉત્પત્તિ ૨૧:૧૬)

જ્યારે એક માતા પોકાર કરે છે, ત્યારે ઈશ્વર તેણીના બાળકની હાલતની નોંધ લે છે. આપણી પ્રાર્થનાઓ દ્વારા, ઈશ્વર માત્ર સાંભળતા જ નથી પણ આપણા આંસુઓ પણ જુએ છે અને આપણી વેદનાઓ અનુભવે છે. **''દરેક આંસુ ઈશ્વરની કુપ્પીમાં સંગ્રહ કરી રાખેલા છે.''** (ગીતશાસ્ત્ર ૫૬:૮). જ્યારે માતાઓ તેમના બાળકો માટે પ્રાર્થના કરે છે અને મધ્યસ્થી કરે છે ત્યારે, ઈશ્વર તેમની જરૂરિયાતો પૂરી પાડે છે. જ્યારે બાઈબલ જણાવે છે કે ઈશ્વરે ''છોકરાનું રુદન'' સાંભળ્યું હતું, ત્યારે તે માતાનો પોકાર હતો જેણે ઈશ્વરના પ્રતિભાવને વેગ આપ્યો હતો. ઈશ્વર માત્ર

(આગળ પાન ૯ પર...)


## નહેમ્યા બાઈબલ કોલેજ

### પદવીદાન સમારંભ : ૨૦૨૩ - ૨૦૨૪

**સ્થળ : બીકેએન હોલ, વેપેરી, ચેન્નાઈ-૦૭.**

**તારીખ : ૧લી જૂન, ૨૦૨૪ (શનિવાર)**

**સમય : સાંજે પાંચ વાગે**





લગભગ ૫૦ વિદ્યાર્થીઓ તેમનો અભ્યાસ પૂર્ણ કરશે અને તેમને મિશન ક્ષેત્રમાં મોકલવામાં આવશે.

અમને શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે તમિલ અને હિન્દી અભ્યાસક્રમો માટે ૭૫ વિદ્યાર્થીઓની જરૂર છે. કૃપા કરીને આ વિનંતી માટે પ્રાર્થના કરશો. આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે પ્રવેશ ચાલુ છે.

## અમારા મુખ્યાલયમાં ચાલતી અમારી મિનિસ્ટ્રીજને માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

૧. પ્રાર્થના ભજનસેવા - ૨૪ કલાકો.
૨. **બાઈબલકોર** - બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો અંગ્રેજી, તામિલ અને હિન્દી.
૩. **ઈકો ઓફ હીજ કોલ** - માસિક સામયિકો : અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૪. નહેમ્યાહ બાઈબલ કોલેજો - (બે કેન્દ્રો) (સાંધ્ય / નિવાસી)
૫. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૬. મહાન આદેશના ભાગીદારો - (પાળકોનું માળખું)
૭. તાલિમ કાર્યક્રમો
૮. ક્રુસેડો
૯. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૦. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૧. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૨. રવિવારની શાખા - રવિવારે સવારે ૮.૩૦ અને સાંજે ૪.૦૦ વાગે.
**૧૩. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે અને ૧૦.૦૦ વાગે**
**૧૪. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૪.૦૦ વાગે**
**૧૫. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૧૬. અંગ્રેજીને તામિલ ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
૧૭. મહિલાઓની પ્રાર્થના - બુધવારે સાંજે ૫.૦૦ વાગે
૧૮. પૂરૂષોની પ્રાર્થના - શુક્રવારે સાંજે ૫.૦૦ વાગે
૧૯. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૦. ગૃહ બેઠકસભા - મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૧. ખાસ પ્રભુ ભોજન - મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૨. સેવકોની સમીક્ષા બેઠક - પ્રથમ શનિવારે સાંજે ૫.૩૦ વાગે
૨૩. માતાપિતાઓની પ્રાર્થના - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૨૪. રાત્રી પ્રાર્થના - બીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે
૨૫. ઉપવાસ સાથેની પ્રાર્થના - ત્રીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૨૬. પવિત્ર સહભાગીતા/પ્રભુ ભોજન - બીજા રવિવારની ભજનસેવા વખતે
૨૭. સવારની ભક્તિ - દરરોજ સવારે ૫.૦૦ વાગે
૨૮. કર્મચારીઓની તાલીમ - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૨૯. કાયાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ (રવિવાર સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂ.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

The Chairman, Nehemiah Bible College,
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in

## ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| Account Name | : | ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : | 1023 2923 805 |
| Bank Name | : | STATE BANK OF INDIA |
| Branch | : | TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

"જે વાંચે, તે સમજે" (માથ્થી ૨૪:૧૫)

# આપણને ઈસુ ખ્રિસ્તમાં કેવા અદ્‌ભૂત મિત્ર છે!

### "હું જાણું છું કે, મારો ઉદ્ધાર કરનાર જીવે છે" - અયૂબ ૧૯:૨૫.

મારા સેવાકાર્યના શરૂઆતના દિવસોમાં, મેં ઈશ્વર દ્વારા મંજૂર કરાયેલ અસંખ્ય પરીક્ષણો અને મુશ્કેલીઓ સહન કરી હતી. નાણાકીય અવરોધો મારા પર ભારે હતાં, જેને કારણે કાયમી સેવાકાર્યના મુખ્ય મથકની સ્થાપનાની સંભાવનાને અપ્રાપ્ય બનાવી હતી. પરિણામે, મારે મારી જાતને સતત ફરતી રાખવી પડતી હતી, હું વારંવાર રહેઠાણો અને ઓફિસો બદલતો રહ્યો હતો.

વર્ષ ૧૯૮૦માં, મારા પર વિપત્તિ ખાસ ગંભીરતા સાથે ત્રાટકી હતી. મારા શરીરમાં, ખાસ કરીને મારી ગરદન પર, તાવ અને અતિશય પીડાથી પીડિત, મેં મારી જાતને એક ભયંકર પરિસ્થિતિમાં જોઈ હતી. મારી તકલીફમાં વધારો થવામાં એ હકીકત હતી કે જ્યાં મેં સેવા આપી હતી તે વિસ્તાર મુખ્યત્વે બિન-ખ્રિસ્તી હતો, જેના કારણે સ્થાનિક લોકો દ્વારા મને અલગ અને અસમર્થિત કરી દેવામાં આવ્યો હતો. મારી વધુ માંદગી અને એકલતા દરમિયાન, હું એક મિત્ર પાસે પહોંચ્યો હતો, અને માત્ર એક રાત માટે તેની સાથે વિતાવવાની તેને વિનંતી કરી. તેને કરેલી મારી ભૂતકાળની સહાય છતાં, તેણે ઉદાસીનતાથી નકાર કર્યો. એકાંતમાં દુઃખ સહન કરવા માટે છોડી દીધા પછી, મેં અકલ્પનીય વેદનામાં એક રાત સહન કરતા વિતાવી હતી.

બીજા દિવસે સવારે, કેટલાક દયાળુ લોકો મને સરકારી હોસ્પિટલમાં લઈ ગયા, જ્યાં મને મારી એકલતામાં મારી વેદનાનો સામનો કરવા માટે ફરી એકવાર તજી દેવામાં આવ્યો હતો. પીડાદાયક દિવસો સહન કર્યા પછી, તબીબી અધિકારીઓએ નક્કી કર્યું કે મારા પર શસ્ત્રક્રિયા કરવી હિતાવહ છે. જો કે, મારા સંજોગોને જોતાં, મેં આવી પ્રક્રિયામાંથી પસાર થવા વિશે મારા વિચારો અનામત રાખ્યા હતા અને તેને બદલે પ્રાર્થના તરફ વળ્યો હતો. ઈશ્વરની આગળ મારું હૃદય ઠાલવીને, દુન્યવી સુખ-સુવિધાઓનો વિકલ્પ હોવા છતાં, મેં મારા સેવાકાર્યમાં જે અસંખ્ય પડકારોનો સામનો કરવો પડ્યો હતો તે સ્પષ્ટ કર્યા હતા. **"જ્યારે મેં મારા માર્ગો પ્રગટ કર્યા ત્યારે યહોવા પ્રભુએ મને ઉત્તર આપ્યો."** (ગીતશાસ્ત્ર ૧૧૯:૨૬).

પછી, એક નિર્ણાયક રાતે જ્યારે મેં ઉત્સાહપૂર્વક પ્રાર્થના કરી, ત્યારે મેં મારા પર ઈશ્વરના સાજાપણાં હાથનો દૈવી સ્પર્શ અનુભવ્યો. પ્રતીતિ મારા અસ્તિત્વમાં છલકાઈ ગઈ, અને મેં તરત જ ઉપસ્થિત ચિકિત્સકને મારો અનુભવ કહી સંભળાવ્યો. સહાનુભૂતિ સાથે જવાબ આપતા, ડોક્ટરે ટિપ્પણી કરી, "હું સમજી શકું છું. ઘણા ખ્રિસ્તીઓ



*ઈસુ ખ્રિસ્તનો દૈવી સ્પર્શ!*

સારવારનો નકાર કરે છે, દાવો કરે છે કે ઈસુ ખ્રિસ્તે તેમને સાજા કર્યા છે. તમે પણ આવી જાહેરાત કરો છો." ત્યારપછી તેમણે મને શસ્ત્રક્રિયા માટે દબાણ કર્યા વિના અથવા દવા સૂચવ્યા વિના કૃપાપૂર્વક રજા આપી. સાચે જ, ઈશ્વરે મારા વિશ્વાસ પ્રમાણે તેમનું સામર્થ્ય પ્રગટ કર્યું હતું, જ્યારે મેં તેમનામાં વિશ્વાસ કર્યો હતો ત્યારે મને દુઃખમાંથી બચાવ્યો હતો.

લગભગ ૩૬ વર્ષ પહેલા ઈશ્વરે મને સંપૂર્ણપણે સાજો કર્યો હતો, અને ત્યારથી, હું તે રોગથી મુક્ત રહ્યો છું. ડ્રાઈવિંગ કરતી વખતે અસમાન અને ઉબડખાબડ રસ્તાઓ પર વાહન ચલાવવા છતાં, મને હવે પીઠનો દુખાવો કે ગરદનનો દુખાવો થતો નથી. મારી દિનચર્યા ઘણીવાર ૨૦ કલાકો સુધી લંબાય છે, ઓફિસના કામ અને પ્રચારની વ્યસ્તતા વચ્ચે વિભાજિત થાય છે, છતાં થાક મને ભાગ્યે જ પરેશાન કરે છે. ઈશ્વરના સાજાપણાંનાં સ્પર્શે મને માત્ર દુઃખમાંથી જ બચાવ્યો નથી પણ મારા પર પુષ્કળ આશીર્વાદો પણ વહેવડાવ્યા છે. શરૂઆતમાં, મારી બાજુમાં મારો એક જ મિત્ર હતો, પણ હવે, ઈશ્વરે મને વિશ્વભરમાં ફેલાયેલી મિત્રતાથી આશીર્વાદ આપ્યા છે, જેણે મને અને મારી મિનિસ્ટ્રી, બંનેને સમૃદ્ધ બનાવ્યા છે.

વહાલા મિત્રો, આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્ત સર્વથી ઉપર છે, આ દુનિયાના અંધકારમાં આપણને માર્ગદર્શન આપે છે. તેમને તમારા ખરા મિત્ર અને ઈશ્વર તરીકે સ્વીકારો, અને તેઓ નિયત સમયે ન્યાયીપણાનો માર્ગ પ્રકાશિત કરશે. જો તમે હજી સુધી તેમને તમારા પ્રભુ અને તારણહાર તરીકે તમારા જીવનમાં આમંત્રિત કર્યા નથી, તો હમણાં જ કરો અને તેમના દૈવી માર્ગદર્શન હેઠળ સેવાની મુસાફરીની શરૂઆત કરો. તેમની આગેવાની મને દરરોજ ટકાવી રાખે છે, અને મને વિશ્વાસ છે કે તેઓ તમારા માટે પણ એવું જ કરશે.

યશાયા ૪૩:૧૯ જાહેર કરે છે, **"હું તો અરણ્યમાં માર્ગ તથા ઉજ્જડ પ્રદેશમાં નદીઓ કરી આપીશ."**

(પાન ૬ પરથી આગળ...)

હાગારની જેમ સાહસિક રડવાનો જ નહિ, પણ ઈશ્માએલની જેમ મૌન વિનંતીઓનો પણ પ્રતિસાદ આપે છે.

જો તમે આજે તમારા બાળક માટે ઉત્સાહપૂર્વક પ્રાર્થના કરશો, કોઈ પણ કારણ હોય, પ્રભુને પોકાર કરો, કેમ કે ફક્ત તેઓ જ તમારા બાળકની જરૂરિયાતો પૂરી કરી શકે છે. પ્રભુને શોધો જેમણે, વધસ્તંભ પર મૃત્યુ પામીને અને ફરીથી સજીવન થઈને, આપણા બધા માટે વિજય મેળવ્યો છે.

**(બ) જ્યારે માતા પોકાર કરે છે, ત્યારે તેણી તેણીના દીકરાની જગ્યાએ ઉભી રહે છે :**

હાગારે તેણીના દીકરાની ભૂમિકા નિભાવી અને પ્રાર્થના કરી કે જ્યારે તેની પાસે શબ્દ ઉચ્ચારવાની શક્તિનો અભાવ હતો. આ દુઃખદાયક ક્ષણમાં, એક માતાનો પ્રેમ તેણીના થાકેલા દીકરા વતી દરમિયાનગીરી કરતી વખતે વધી ગયો હતો. તે શક્તિ અને ઈચ્છાથી વંચિત થઈ ગયો હતો, નિરાશામાં ડૂબી ગયો હતો. તેમ છતાં, તેના બદલે, તેણીએ તેણીનો અવાજ ઊંચો કર્યો અને પોકાર કર્યો હતો.

તે માતૃત્વના બલિદાનના સ્વભાવનું નિવેદન છે, જે આપણને આપણા બાળકો માટે મધ્યસ્થી કરવા વિનંતી કરે છે. કદાચ તમારો કોઈ દીકરો કે દીકરી ઈશ્વરના પ્રેમથી વિમુખ થઈ ગયો હોય અથવા શારીરિક કે માનસિક અશાંતિનો સામનો કરી રહ્યો હોય. જો કે તેઓ પ્રાર્થના અને વિશ્વાસને જૂનવાણી માનતા હોય, તો પણ તમે તેમના માટે વચ્ચે છીંડામાં ઊભા રહી શકો છો. છીંડામાં ઊભા રહેવા માટે, માતાએ તેમની આત્મિક અને દુન્યવી જરૂરિયાતો માટે, તેમના વતી ઈશ્વરને વિનંતી કરીને, પ્રાર્થના કરવી પડે છે.

જ્યારે માતાએ પ્રાર્થના કરી, ત્યારે ઈશ્વરે સાંભળ્યું હતું અને ઉત્તર આપ્યો હતો.

આપણા બાળકોના સુખમય જીવન માટે પરમાત્માને વિનંતી કરવી એ આપણી ગંભીર ફરજ છે. આવો આપણે, માતાઓ, આપણા બાળકો અને પૌત્રો માટે આપણા અવાજો ઊંચા કરીને પ્રાર્થનામાં પોકાર કરીએ.

**(ક) જ્યારે માતાએ પોકાર કર્યો, ત્યારે ઈશ્વરે દીકરાને આશીર્વાદ આપ્યો અને ભાવિ યોજનાઓ જાહેર કરી હતી! - કલમો ૧૮-૨૦.**

જ્યારે માતાએ પોકાર કર્યો અને અરજ વિનંતી કરી, ત્યારે ઈશ્વરે માત્ર ચમત્કારિક રીતે પાણી જ આપ્યું નહોતું પણ તેણીના દીકરાને જીવન પણ આપ્યું હતું. તેમણે એક ભવ્ય નિયતિનો સંકેત આપતા, તેને



*હાગારનો દીકરો*



*ઈશ્વરના દૂતે હાગાર સાથે વાત કરી*

એક પ્રચંડ વ્યક્તિત્વમાં પરિવર્તિત કર્યો હતો. તદુપરાંત, માતાની ઉત્સાહી, આગ્રહભરી વિનંતીના પ્રતિસાદમાં, ઈશ્વરે તેણીને ઈશ્માઈલના ભાવિ વિશે જણાવ્યું હતું.

"**ઊઠ, છોકરાને ઊંચકીને તેને તારા હાથમાં લે; કેમ કે હું તેનાથી એક મોટી કોમ ઉત્પન્ન કરીશ.**" ઉત્પત્તિ ૨૧:૧૮.

જ્યારે માતાઓ પ્રાર્થના કરે છે, ત્યારે આપણા બાળકોના ભવિષ્ય વિશે દૈવી સાક્ષાત્કાર પ્રગટ થાય છે. આપણે બીજે ક્યાંય જવાબો શોધવાની જરૂર નથી; ઈશ્વર તેમને પ્રાર્થના કરતી માતાઓ માટે જાહેર કરે છે. તેથી, આવો આપણે, પ્રાર્થના કરતી માતાઓના આવરણને સ્વીકારીએ, આપણા બાળકો માટે પોકાર કરવા તૈયાર થઈએ અને છીંડામાં ઊભા રહીએ.

********

> **તારા સર્વ સંતાન યહોવાનાં શિષ્ય થશે; અને તારાં છોકરાંને ઘણી શાંતી મળશે.**
>
> **યશાયા ૫૪:૧૩**


## જોઈએ છીએ

**ચૈનાઈમાંની ઈકો ઓફ હિજ કોલની નહેમ્યા બાઈબલ કોલેજ માટે**

*** હિન્દી ભાષા ***

(ATA **સભ્યપદ માટે નોંધણીકૃત ઉમેદવાર**)

**ડીન (નિવાસી)** M. Div. /M. Th. Degree **અને અનુભવ સાથે હિન્દી ધર્મશાસ્ત્રી. જમવા, રહેવાની વ્યવસ્થા કરવામાં આવશે અને પગાર ચૂકવવામાં આવશે. અમને લાયક હિન્દી વિદ્યાર્થીઓની પણ જરૂરિયાત છે. લાયક ઉમેદવારો નીચેના સરનામે બાયોડેટા મોકલી શકે છે:**

Email : samechoofhiscall.org
WhatsApp: (+૯૧) ૯૮૪૧૦૭૧૮૫૮


## વાચકો કૃપા કરીને લક્ષ આપશો!

### પાળક એસ. સામ સેલ્વરાજની આત્મકથા

અમે પાળક એસ. સામ સેલ્વરાજની આત્મકથાને પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કરવાના અંતિમ તબક્કામાં છીએ. અમે તમારી સાક્ષીઓ માટે વિનંતી કરીએ છીએ, જે દસ લીટીઓ સુધીની હોઈ શકે છે, જેમાં ઈશ્વરે તેમની મિનિસ્ટ્રી દ્વારા તમારા આત્મિક વિકાસને કેવી રીતે પ્રભાવિત કર્યો છે તેની વિગત હોય. વધુમાં, જો તમે આત્મકથામાં સમાવેશ કરવા માટે તમારો એક ફોટો મોકલશો તો અમે તેની કદર કરીશું.

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## ઈકો ઓફ હીજ કોલ

### યુટ્યુબ

**સબસ્ક્રાઈબ કરો**

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીજ કોલ યુટ્યુબ ચેનલ** જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

– સંપાદક

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**

*****

**E.mail : sam@echoofhiscall.org**

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

**RNI NO. 70103/98**
**Postal Regn. No. TN/CH/(C)/203/24-26**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**
**on 16th MAY 2024**

If un-delivered please return to:

**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**